# ઈશ્વરથી માફી પામેલ

GOSPEL 316

***"જેનું ઉલ્લંઘન માફ થયું છે, તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે." ગીતશાસ્ત્ર 32:1***

જે ખોટા કામો આપણે કરીએ છીએ (જેને બાઈબલ પાપ કહે છે) તે આપણને ઈશ્વરથી દૂર કરી દે છે. ઈશ્વર સાથેનો આપણો સબંધ સીધો કરવા માટે આપણને ઈશ્વરની માફી મળે એ જરૂરી છે ... જે અનંતકાળ માટે આપણને તૈયાર કરે. બાઈબલમાં ક્ષમા એ નથી કે ઈશ્વર આપણા પાપોને નજરઅંદાજ કરી દે અને તે પાપો માટેના શાશ્વત દંડને હડસેલી દે. ના, પાપનો દંડ તો ભરવો જ પડે. શુભ સંદેશ (સુવાર્તા) એ છે કે ઈસુએ [એક પાપ રહિત માનવ-ઈશ્વરે] તમારા માટે તે દંડ વધસ્તંભ પર મૃત્યુ પામી તેમના લોહી વડે પહેલે થી જ ચૂકવી દીધો. એક રીતે કહીએ તો, તેમણે તમારું સ્થાન લઈ લીધું. તમારે બદલે ઈસુ બલિદાન પામ્યાં. પરંતુ તે પૂરતું નથી. તમારે બદલે ઈસુએ જેની ચુકવણી કરી ... તે તમારા ખાતામાં જમા થવું જોઈએ. મહત્વનો પ્રશ્ન એ છે કે તે કેવી રીતે બને? તે ત્યારે થાય છે જ્યારે તમે પસ્તાવો કરો છો (તમારા પાપોથી વિમુખ થઈ ઈશ્વર તરફ ફરો છો) અને ઈસુ પર વિશ્વાસ કરો છો. તો અને તો જ, ઈશ્વર તરફથી તમને માફી પ્રાપ્ત થાય છે.

## *આપણી સમસ્યા ... ઈશ્વરથી જુદાપણું*

*"કારણ કે બધાએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિષે બધા અધૂરા રહે છે."* રોમનોને પત્ર 3:23

*"પણ તમારા અપરાધો તમારી ને તમારા ઈશ્વરની વચમાં ભિન્નતા કરતા આવ્યા છે, અને તમારાં પાપોએ તેમનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે કે, તે સાંભળે નહિ."* યશાયા 59:2

*"તે સમયે જેઓ ઈશ્વરને ઓળખતા નથી ને જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા માનતા નથી, તેઓને તે સજા કરશે. તેઓ પ્રભુની હજૂરમાંથી તથા તેમના મહિમાવાન સામર્થ્યથી [દૂર રહેવાની] શિક્ષા એટલે અનંતકાળનો નાશ ભોગવશે."* 2 થેસ્સાલોનિકીઓને બીજો પત્ર 1:8-9

*"કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે."* રોમનોને પત્ર 6:23

*"કેમ કે આપણે હજી નિર્બળ હતા, એટલામાં યોગ્ય સમયે અધર્મીઓને માટે ખ્રિસ્ત મરણ પામ્યા."* રોમનોને પત્ર 5:6

## *ઈશ્વરનું સમાધાન ... અદલા-બદલી (અવેજી)*

*"કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ માટે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે."* યોહાન 3:16

*"આપણે ઈશ્વર પર પ્રેમ રાખ્યો, એમાં પ્રેમ નહિ, પણ તેમણે આપણા પર પ્રેમ રાખ્યો અને પોતાના પુત્રને આપણાં પાપનું પ્રાયશ્ચિત [માન્ય તથા સંપૂર્ણ બલિદાન] થવા માટે મોકલ્યા, એમાં પ્રેમ છે."* યોહાનનો પહેલો પત્ર 4:10

*"પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યા, એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે."* રોમનોને પત્ર 5:8

*"લાકડા પર તેમણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ; તેમના ઘાથી તમે સાજા થયા."* પિતરનો પહેલો પત્ર 2:24

*"પણ જેટલાંએ તેનો [ઈસુનો], અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરના છોકરાં થવાનો અધિકાર આપ્યો."* યોહાન 1:12

## *માફી માટેનો તમારો માર્ગ ... ઈસુ પર વિશ્વાસ રાખવો*

*"તેમને [ઈસુ] વિષે સર્વ પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે"* પ્રેરિતોનાં કૃત્યો 10:43. *"કેમ કે તમે કૃપાથી વિશ્વાસદ્વારા તારણ પામેલા છો. અને એ તમારાથી નથી, એ તો ઈશ્વરનું દાન છે. કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે"* એફેસીઓને પત્ર 2:8-9. તમે પસ્તાવો કરી ઈસુ પર વિશ્વાસ કરી શકો છો (માત્ર ઈસુ વિશે માની લેવું એમ નહિ) ... એટલે કે, ઈસુમાં વિશ્વાસ કરીને. આ પ્રાર્થના દ્વારા તમે તે કરી શકો છો. આ કોઈ શપથ કે જાદુઈ મંત્ર નથી. જો ખરેખર તમારા હૃદયની ઈચ્છા હોય તો આ પ્રાર્થના કરો.

વ્હાલાં ઈશ્વર,
હું મારી જરૂરિયાતનો સ્વીકારું કરું છું ... કેમ કે હું પાપી છું.
હું પસ્તાવો કરું છું ... હું મારા પાપથી ફરી તમારી ગમ વળું છું.
હું ઈસુ પર વિશ્વાસ કરું છું ... કે ઈશ્વર હોવા છતાં, તે મારા માટે સ્તંભ પર મૃત્યુ પામ્યા.
હું તેમને મારા તારણહાર બનવા વિનંતી કરું છું.
આમેન

ઈસુએ તમારા પાપો માટે દંડ ચૂકવ્યો. અને ઈસુ પર વિશ્વાસ કરવા દ્વારા, તેમનું આ ચુંકવણું હવે તમારી ચુકવણી બની ગઈ છે. તમને ઈશ્વર દ્વારા માફી આપવામાં આવે છે. અને હવે જેમ ઈસુએ કહ્યું તેમ, તમે અનંતકાળ માટે સુરક્ષિત છો, યોહાન 3:16.



મફત પુસ્તિકા *ઈશ્વરથી માફી પામેલ* વિવિધ ભાષામાં પ્રાપ્ય છે Gospel316.org.

**જો તમે ગંભીરતાપુર્વક આ પ્રાર્થના કરી હોય,** તો તમને ઈશ્વર તરફથી માફી બક્ષવામાં આવે છે અને તમે તેમની સાથે અનંતકાળ માટે સુરક્ષિત છો. ઈસુના બલિદાનયુક્ત મૃત્યુ થકી તમને ક્ષમા મળી છે. ઈશ્વરે વચન આપ્યું તે મુજબ હવે તમારી પાસે અનંત એટલે કે શાશ્વત જીવન છે ... અને તમારો ન્યાય કરવામાં આવશે નહીં ... અને હવે તમે મૃત્યુમાંથી નીકળી જીવનમાં આવી ગયા છો, યોહાન 5:24. તમે સુરક્ષિત છો કેમ કે તેમના સર્વસમર્થ હાથમાંથી તમને કોઈ છીનવી શકે નહીં. તમે તેમને પકડી રાખો એથી વિશેષ ઈશ્વર તમને પકડી રાખે છે. ઈસુએ કહ્યું *"હું તેઓને અનંતજીવન આપું છું; અને કદી તેઓનો નાશ થશે નહિ, અને મારા હાથમાંથી કોઈ તેઓને છીનવી લેશે નહિ. મારા પિતા, જેમણે મને [તેઓને] આપ્યાં છે, તે સહુથી મોટા છે; અને પિતાના હાથમાંથી કોઈ [તેઓને] છીનવી લેવા સમર્થ નથી"* યોહાન 10:28-29.

**જો તમે આ પ્રાર્થના કરવા માટે હજુ તૈયાર નથી,** તો તેને તમારી સર્વોચ્ચ પ્રાથમિકતા બનાવો. કેમ કે તમારા આ નિર્ણયનું મહત્વ અને પરિણામ શાશ્વત છે. કબરની પેલે પાર ફરી બીજી કોઈ તક મળતી નથી, *"જેમ માણસોને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે"* હિબ્રૂઓને પત્ર 9:27. જો હજુ તમારી પાસે એવાં કોઈ પ્રશ્નો હોય કે જેના ઉત્તર તમને મળ્યા નથી અને જેને લીધે તમે આ નિર્ણય લઈ શકતા નથી, તો જે વ્યક્તિએ તમને આ આપ્યું તેની સાથે વાત કરો.

## ઉદાહરણો અને સમજૂતીઓ

**માફી.**
માફી. બાઈબલમાં આપણા પાપની માફી મેળવવા સારૂ દંડની ચુકવણી જરૂરી છે. પાપનો દંડ એ ઈશ્વરથી અનંત જુદાપણું છે. બાઈબલ અનુસારની માફી એ છે કે તમારા પાપ અને તેના દંડને તમારી ઉપરથી લઈ ઈસુ પર સ્થાપિત કરવામાં આવે છે. ઈશ્વરે આપણા પાપ અને તેની સજા ઈસુ કે જે પાપરહિત હતા તેમને આપી. અને પછી ઈશ્વરે આપણને તેમનું ન્યાયીપણું આપ્યું. જાણે કે સ્વર્ગમાં બે પુસ્તકો હોય. પ્રથમ પુસ્તક, તમે કરેલા દરેક ખોટા કામ માટેની એક નોંધપોથી. તેના દરેક પાન પર એ બધાં કામની નોંધ હોય. બાઈબલ સ્પષ્ટપણે જણાવે છે કે કેટલીક વસ્તુઓ જે આપણે કરીએ છીએ તે પાપ (કરેલા કામના પાપો) છે અને કેટલીક વસ્તુઓ જે આપણે નથી કરતા તે પણ પાપ છે (કરવા જેવા પણ ન કરેલા કામના પાપો). કેટલાક વિચારો પણ પાપ હોઈ શકે. દરરોજ ત્રણ પાપો ગણીએ તો પણ દર વર્ષે 1,000 જેટલા થાય. જીવનકાળ દરમિયાન, તો ઘણાં પાપો થાય. હવે બીજું પુસ્તક છે તે ઈસુ કે જે પાપરહિત હતા તેમના કાર્યોની નોંધણી કરે છે. આ પુસ્તકના પાના એકદમ સ્વચ્છ અને નિષ્કલંક છે. જ્યારે તમે ઈસુ પર વિશ્વાસ કરો છો, ત્યારે જાણે તે બે પુસ્તકોના મુખપૃષ્ટ એટલે કે કવરની અદલાબદલી થઈ જાય છે. જેથી તમારા નામના કવરવાળી નોંધ પુસ્તિકા સંપૂર્ણપણે સ્વચ્છ થઈ જાય છે. તમારા પાપો અને તેનો દંડ જતાં રહ્યાં છે.

**એક વાસ્તવિક ઉકેલ.**
*"ઈસુ તેને કહે છે, 'માર્ગ તથા સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી'"* યોહાન 14:6. આપણા પાપને કારણે ઈશ્વરથી જુદાપણાં માટે બાઈબલનો ઉકેલ અનોખો છે. અન્ય ધર્મો આપણને આપણાં પાપો સાથે અનંતકાળ વેઠવાની વાત કરે છે એવી આશા સાથે કે જે પણ ભગવાન હશે તે આપણા પાપોને નજરઅંદાજ કરશે. ઈસુનો માર્ગ અનોખો છે કેમ કે તે આપણા પાપોને માફ કરે છે ... આપણને ધોઈને શુદ્ધ કરે છે. પછી આપણે આપણા ભૂંસી નાખવામાં આવેલ પાપ સાથે ઈશ્વર અને અનંતકાળનો સામનો કરીએ છીએ કારણ કે તે બધાં તો ઈસુની ઉપર મુકવામાં આવ્યા આવ્યા હતા. પ્રેરિત પિતરે કહ્યું, *"બીજા કોઈથી તારણ નથી, કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ નીચે માણસોમાં આપેલું નથી"* પ્રેરિતોનાં કૃત્યો 4:12. પ્રેરિત પાઉલે આમ લખ્યું, *"કેમ કે ઈશ્વર એક જ છે, અને ઈશ્વર તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ, જેમણે સર્વ માણસોના ઉદ્ધારને માટે પોતાનું સ્વાર્પણ કર્યું. એમની સાક્ષી નિર્માણ થયેલે સમયે [આપવામાં આવી હતી],"* તિમોથીને પહેલો પત્ર 2:5-6. ઈસુએ સૂચવેલ માર્ગ જ ખરો ઉકેલ છે.

**ઈસુ પર વિશ્વાસ.**
ઈસુમાં વિશ્વાસ કરવો એ ઈસુ વિશે *વિશ્વાસ* કરતાં વિશેષ છે. કલ્પના કરો કે તમે પહાડોની ઉપરથી ઉંચે ઉડતા વિમાનમાં યાત્રી છો અને અચાનક જ એન્જિન મોટા ધડાકા સાથે ખોટકાવા લાગે છે. હવે વિમાન ભસ્મિભૂત થઈ જાય એ રીતે નીચે આવી રહ્યું છે. વિમાનચાલક હવે દરેકને પેરાશૂટ પહેરી અને ખુલ્લા દરવાજામાંથી વિમાનમાંથી બહાર નીકળી જવાની સૂચના આપે છે. તમે પેરાશૂટ વિશે જાણો છો. તમે તેને ટીવી પર જોયું પણ હશે. પણ હવે વાત એકદમ જુદી છે. તે વિમાનના ખુલ્લા દરવાજામાંથી બહાર નીકળવા માટે પેરાશૂટ વિશે *વિશ્વાસ* કરતાં વધુ કંઈક જરૂરી છે ... તેના માટે પેરાશૂટમાં *વિશ્વાસ* જરૂરી છે. અને કેટલાક જેઓ કૂદી પડે છે તેમના પેરાશૂટ કામ ન પણ કરે. તમારા બચાવ માટે એક યોગ્ય પેરાશૂટની જરૂર છે ... તેના વિના બહાર કૂદી પડવું એ ચોક્કસ મૃત્યુ છે. પેરાશૂટ સાથે બહાર નીકળવું એ 100% વિશ્વાસની ખાતરી દર્શાવે છે. તમને કેટલીક શંકાઓ હોઈ શકે છે ... પરંતુ બચાવ માટે પેરાશૂટ પર સંપૂર્ણ ભરોસો એટલે કે વિશ્વાસ જરૂરી છે. ઈસુ એક સાચા અને શાશ્વત પેરાશૂટ છે. વિશ્વાસ સાથે બહાર આવો. તેમના પર વિશ્વાસ કરો!

**છાપવા માટેની સૂચનાઓ.** એક પૃષ્ઠ પર બે-બાજુ પ્રિન્ટિંગ સૂચવવામાં આવે છે. કલરમાં અથવા કાળા અને સફેદ રંગમાં છાપો.

---

*ઈશ્વરથી માફી પામેલ* © 2024 એક્ટ્સ વન એઇટ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે અને તે www.Gospel316.org પર પ્રાપ્ય છે. તમે તેને મુક્તપણે પ્રિન્ટ, કોપી કે પોસ્ટ કરી શકો છો અથવા આ કોઈપણ ફેરફાર વગર આમ જ સંપૂર્ણ મેસેજ કરી શકો છો. જો કે, તમે તેમાં તમારા સેવાકાર્ય અથવા મંડળીનું નામ અથવા તેનું ચિન્હ કે લોગો ઉમેરી શકો છો. એક્ટ્સ વન એઈટ ફક્ત બાઈબલ પર આધારિત છે. તે લોકોને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવા અને તેમના શિષ્યો બનવામાં મદદ કરવા માટે જ અસ્તિત્વમાં છે. બિન-અંગ્રેજી સંસ્કરણો માટે અનુવાદ સેવાઓ www.ChristianLingua.com દ્વારા પ્રદાન કરવામાં આવેલ છે. મૂળ અંગ્રેજી સંસ્કરણમાં બાઈબલના અવતરણો ન્યૂ અમેરિકન સ્ટાન્ડર્ડ બાઈબલ (NASB) માંથી છે. આ સંસ્કરણમાં બાઈબલના અવતરણો "GUJOVBSI" એટલે કે બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાના ગુજરાતી બાઈબલમાંથી છે.